અપીલ અરજી નં.૨૬૩ તા.૧૮–૧૨–૦૮/૦૯

અરજદારઃ શાહ ભુપેન્દ્રકુમાર અમૃતલાલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

OZLIFNGL CSLSTov

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાહ ભુપેન્દ્રકુમાર અમૃતલાલની તા.૨૩–૧૦–૦૮ ની અરજીથી ગેરકાયદેસર બાંધકામ બાબતે (૧) શ્રી રજનીભાઈ કેરીવાલાની તા.૧૪–૧૦–૦૮ ની અરજી (૨) પ્રેમજીભાઈ મોજીદરાની તા.૨૦–૧૦–૦૮ ની અરજી જે બન્ને અરજીઓની કામગીરી બાબતે દૈનિક રીપોર્ટની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૮–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૩/૨૦૦૮–૦૯

શ્રી શાહ ભુપેન્દ્રકુમાર અમૃતલાલની તા.૨૩–૧૦–૦૮ ની અરજીથી ગેરકાયદેસર બાંધકામ બાબતે (૧) શ્રી રજનીભાઈ કેરીવાલાની તા.૧૪–૧૦–૦૮ ની અરજી (૨) પ્રેમજીભાઈ મોજીદરાની તા.૨૦–૧૦–૦૮ ની અરજી જે બન્ને અરજીઓની કામગીરી બાબતે દૈનિક રીપોર્ટની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૯૨ તા.૨૪–૧૨–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી પૂરી પાડેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજીથી (૧)શ્રી રજનીભાઈ કેરીવાલાની તા.૧૪–૧૦–૦૮ ની અરજી (૨) પ્રેમજીભાઈ મોજીદરાની તા.૨૦–૧૦–૦૮ ની અરજી જે બન્ને અરજીઓની કામગીરી બાબતે દૈનિક રીપોર્ટની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૭–૧૧–૦૮ ના રોજ પત્ર નં.૧૮૫ થી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. જે અનુસાર ટીપી સકીમ નં.૧૨ અડાજણ ફા.પ્લોટ નં.૧૬બી કૃષ્ણનગર સોસા.માંના ગેરકાયદેસર બાંધકામ બાબતે તેઓના પત્ર નં.ટીડીઓ/૨૮ તા.૧૮–૧૨–૦૮ થી કારણદર્શક નોટીસ આપી કાયદેસરની કાર્યવાહી રજુ કરેલ હોવાનું જણાવી નિયત ફી રૂ.૨/– ભરી નકલ મેળવી લેવા જણાવેલ હોવાનું જણાય છે. જાહેર માહિતી અધિકારીએ તા.૧૭–૧૧–૦૮ ના પત્રથી તા.૧૮–૧૨–૦૮ ના રોજ નોટીસ આપ્યાનું જણાવતો અરજદારે અપીલમાં રજુ કરેલ પણ તર્કસંગત અને બુધ્ધિગમ્ય હકીકતલક્ષી માહિતી પૂરી પાડેલ હોય તેવું સ્પષ્ટ કરતો નથી. વધુમાં અરજદારે આ અંગે દૈનિક રીપોર્ટની નકલ માંગેલ જે ઉપલબ્ધ દફતર અનુસાર પૂરી પાડેલ હોય તેવું પણ સ્પષ્ટ થતું નથી.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૩–૧૦–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી પાસેથી અને તેમના નિયંત્રણ હેઠળના દફતરે ઉપલબ્ધ પૈકી તે અંગેના રીપોર્ટની નકલ સહિતની હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન અને ઝોનલચીફને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ( રાંદેર ઝોન )....જાણ તથા અમલ માટે
(૨) શાહ ભુપેન્દ્રકુમાર અમૃતલાલ,